તાજ નામું:

શેહેનશાહ નોશેરવાનના

તાજ ઉપરની નસીહતો.

પ્રગટ કરનારા

ધી. અરદેશરની કુંપની.

નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઇ.

કીંમત—એક આનો.

૧૮૯૮, ઇસવી.

ધી રીપન પ્રીંટીંગ પ્રેસ કુંપની; લીમીટેડ.

દી. અરદેશરનો કું૦ હસ્તક
પ્રગટ થયલાં
ખોદાશનાસી તથા જરથોસ્તી
દીનઆઇનને લગતાં લખાણો.

(૧) મકાશેફાતે કએવાની અથવા મે કેખશરો—રૂ૦ ૦॥ અને રૂ૦ ૧).

(૨) પેગમ્બર સાહેબ અશો જરથોસ્તનું પંદનામું—આના બે.

(૩) જરથોસ્તીઓ માટે બંદગી કરવાલાયક કલામ તે પાક અવસ્તાજ છે. (દસ્તુર સાહેબોના મતો, ૬૦, વધારા સહીત)—આના ત્રણ.

(૪) વંદીદાદની કેટલીક ભેદી બાબતો: તેમની ખરી સમજ સારૂં આત્મજ્ઞાનની ૪૩૨—આનો એક.

(૫) શેહેનશાહ કયખુશરોની જીંદગીનો હેવાલ, ખોદાશનાસીની ફીલસુફીને આધારે—આનો એક.

તાજ નામું:

શેહેનશાહ નોશેરવાનના
તાજ ઉપરની નસીહતો.

પ્રગટ કરનારા
દી. અરદેશરની કુંપની.
નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઇ.

કીંમત—એક આનો.

૧૮૯૮, ઇસવી.

ખોલાસો

મરહુમ બેહેસ્તમુકામી ડાકટર પેસતનજી કુંવરજી ભરૂચવાલાએ આ તાજનામું યાને શેહેનશાહ નોશેરવાનના તાજ ઉપરની નસીહતોની કેતાબ સને ૧૮૭૦ ઈસવીને સુમારે છપાવી હતી. એ કેતાબ મધેની ઉમદા નસીહતો સર્વેને સમજ પડે એવી સલીસ એબારતમાં લખાયલી છે. દીનદાર જરથોસ્તી ભાઈઓને આ નસીહતો વાંચવા લાયક અને ઉપયોગી જણાશે.

દી૦ અરદેશરની કું૦,

પ્રગટ કરનારા.

તાજ નામું:

શેહેનશાહ નોશેરવાનનાં

તાજ ઉપરની નસીહતો.

નોશેરવાન આદેલને સારૂ ઇઉનાનના દસતુરોએ સર ઉપર મેળવાનું તાજ બનાવીને તે તાજના વીશ કંગુરા કીધા અને હરેક કંગુરે કેટલીક નસીહત લખીને નોશેરવાન આદેલને નજર કીધું, અને કહયું કે હરરોજ જયારે મેહેલમાંથી બાહેર આવે ત્યારે વીશે કંગુરા પઢી (વાંચી) ઈઆદ કરીને પછી તે તાજ સર ઉપર મુકે અને બાહેર નીકળીને તખત ઉપર બેસે. નોશેરવાન પાદશાહ પોતે દરરોજ તે વાંચતો

હતો. તે વીસ કંગુરાની વાત ફારસીમાંની હીંદીમાં લખીછે.' જે નેકબખત બેહેદીન એ નસીહત વાંચે તે બેઉ જેહાનમાં સરફરાજ થાય, અને નેકીનો મારગ પકડે.

પેહેલા કંગુરાપરની નસીહતો.

નેક મરદોને પોતાના ખજાનાથી ખુશનુદ કરજે. કામ જે સોંપીએ તે જે કોઈ કામ લાયક આદમી હોય તેને સોંપીએ. પોતે જાણીજોઇ બલામાં પડવું નહી. જે કામનો વખત આવ્યો હોય તે કામને હાથથી જવા દેઇએ નહી.

બીજા કંગુરાપરની નસીહતો.

જે કામ શરૂ કરીએ તેને આગળ પાછળ જોઈ વીચારીને તથા કાબેલોની સાથે મશવરત કરીને કરીએ. જે ચીજ અજમાવી હોય તેને અજમાવવાની આદત

રાખીએ. જે ચીજ અજમાવી નથી તેપર ભરોસો કરીએ નહી. મીલ ને જરને કાજે પોતાની નેકનામી જવાંમરદીમાં કોશેશ કરવી.

ત્રીજા કંગુરાપરની નસીહતો.

મરદુમઆજારી કરતો ના તથા નેકીનો પેશો કરતો રેહજે. પોતાને રાસ્તીમાં મશહુર કરતા રેહવું. સોદાગરી ખુશવખતીને જાણવી. જીંદગાની દન એક તથા એની જાણવી. આ જેહાનને રાહનો નેક રસ્તો કરીને જાણવો. પોતાના મરતબાને ઓલખતો રેહજે. પોતાની ઉમરનેનાદાનીમાં ના કહાડતો. દાનાઇથી બેહેસ્તનું કામ કરતો રેહજે.

ચોથા કંગુરાપરની નસીહતો.

બુરાઇના કરનારથી ચેતીને ચાલજે. તમામ આદમી સાથે મલતો તથા હસતો

રેહજે. જે ભાતનુ ફેલ બદ હોય તેનેથી દુર રેહજે. પોતાના અંદાજાથી જીઆદે ચાલતો ના. કોઇ લડતુ હોય ત્યાં ઉભો ના રેહેતો તથા આગળથી કોઇ સાથે લડાઇ ના કરતો. કોઇનો ટંટો પોતાના સરપર ના લેતો.

પાંચમા કંગુરાપરની નસીહતો.

બદનામીની જગો હોય ત્યાં ના જતો. ચોર હોય તેની મેહેરબાનીપર ભરોસો ના રાખતો. હાકમ તથા સોદાગરની પાસે અમશાએઓ તથા પડોશી ના થતો. પોતાના રેહવાના ઘેર આગળ દુકાન ના કહાડતો. બેઅકલ તથા બેઅદબ હોય તેની ખીદમત ના કરતો. નાદાર ગરીબ હોય તો તે ઉપર જુલમ તથા રંજ ના કરતો.

છઠા કંગુરાપરની નસીહતો.

ખારી જમીનમાં તું ઘઉં ના વાવતો. દરેક ટોળાને અજમાવ્યા વગર એકાએક મલતો ના. અજાણ્યા માણસ પાસેથી કરજ ના કહાડતો. કમઅકલની સોહબત ના રાખતો. બેગુનીઆદની બેટી ના લેતો. નાહીમત આદમીની સોહબત ના કરતો. જેમાં કશી એબ હોય તે સાથે દોસ્તી ના રાખતો. જે આદમી ઘણુ બુરૂ હોય તેની સાથે જંગ ના કરતો. જે બેશરમ હોય અને ખીજવ્યાથી બીહે નહી તેનેથી બીહતો રેહજે.

સાતમા કંગુરાપરની નસીહતો.

જે કોઇ પોતાને ઓલખે નહી તેને મરદ કરી ના કેહેતો. જે કોઇ પોતાને ઓલખીને વાત કરે તેને મરદ કરીને

કેહેજે. જે કોઇ માને પેટથી દેવાનુ તથા એહમક હોય તે મરદ ઉપર રેહેમ કરજે. જે ઓરત જુબાનીદરાજ હોય તેથી દુર રેહેજે તથા પરહેઝ કરજે. ખાણું . . . એકલો ના ખાતો. તારા કરતાં નાનો હોય તથા નાદાન હોય તેપર રેહેમત કરતો રેહેજે.

આઠમા કંગુરાપરની નસીહતો.

કોઇની ભુખે પેટે રોટી ખાવી નહી. પોતાની રોટી કોઇના સુફરા ઉપર ખાવી નહી. કોઇના સખુનની ખાએશ કરવી નહી. ઓરત તથા છોકરાંને કેહે (કેહવા મુજબ) તથા તદબીરે કામ કરવું નહી. મકરદાર બુઢી ઓરતને ઘરમાં આવવા તથા જવા દેવું નહી. ઓરતના મકરથી આરામમાં રેહેવું નહી. કોઇથી પોતાને મોટો જાણવું

નહી. બેટી મરે તેનો ગમ ખાવો નહી. બેગાના માલપર તન તથા મન ઓસતવાર રાખવું નહી.

નવમા કંગુરાપરની નસીહતો.

શાહેર લોકોની જુબાંથી બીહતા રેહેવું. હાકમની થોડી બખશેશને ઘણી કરીને માનીએ. કીનાખોર માણુસથી દરતા રેહેવું. હરેક કોઇનો મરતબો જેવો હોય તેવો જાણતા રહીએ. જેનું નીમક ખાઇએ તેની સાથે કીનો કરવો નહી.

દશમા કંગુરાપરની નસીહતો.

જે કાંઇ વાત નહી બોલવાજોગ હોય તે મોહોડાંમાંથી કહાડીએ નહી. જે કામ બદ તથા બુરૂં હોય તેમાં પેશીએ નહી. પોતાની જીભને બુરૂં બોલીને ખરાબ કરીએ નહી. જીભને બુરૂં બોલવાની આદત પાડી-

એ નહી. આદત રડું બોલવાની રાખીએ. કોઇ મશકેરી તથાં ભાંદ બોલતો હોય તે સાંભલીએ નહી. કોઇ વાત બુરી પુછે તેને જવાબ દેઇએ નહી. હાકેમના ઘેરની વાત કોઇને કહીએ નહી. જે પેશો કરીએ તેમાં મશગુલ રહીએ. કોઇ કાંઇ પુછે તેને જવાબ દેઇએ તે પ્રથમ અજમાવી તજવીજ કરીને દેઇએ. મોહોડાંનુ બોલવું તથા દીલની નઇએત એક રાખીએ. જે બોલીએ તેજ મનમાંબી રાખીએ.

અગીઆરમા કંગુરાપરની નસીહતો.

નેકોની પાએદશ તથા ઉઠીઆણે જતા રહીએ. નેકો સાથે દોસ્તી રાખીએ. નેક તેને કહીએ જે બુનીઆદે તથા હોનરે કામેલ હોય અગર (તેનેથી) કાંઈ બદ થાય તોબી નેકની દોસ્તી રાખીએ; એબુની-

આદની સાથે દોસ્તી રાખીએ નહી. આદમી સાથે પોતાથી જ્યાં સુધી થઇ આવે ત્યાં સુધી નેકી કીધાથી પાછા નહી વલીએ.

બારમા કંગુરાપરની નસીહતો.

જેને તારાં કરતાં એલમ ઘણો હોય તેને બુઝરોગ કરીને માનવો. એલમનો ધણી ગમે તેટલો દુર હોય તોબી તેની સાથે દોસ્તી રાખીએ. નેક તેને કહીએ જે બુનીઆદે તથા હુનરે કામેલ હોય. કોઇની અમાનતમાં બેઆનત કરીએ નહી. સખુન બોલીએ તે અંદેશો કરીને બોલીએ, જે પાછળથી પસતાવું નહી પડે.

તેરમા કંગુરાપરની નસીહતો.

બુઢો તથા પીર મરદ હોય તેની અદબ રાખીએ. કોઇની ચીજપર લાલચ ને તમાહ રાખીએ નહી. જે આદમી સફલુ

હોય તેની સાથે મલીએ નહી. માદર, પેદર તથા ઉસ્તાદનો હક જાણતા રહીએ. પોતાના ખેશને બીગાના માફક ગણીએ નહી. કોઇને ઘેર મેહેમાનીમાં વગર તેડે જઇએ નહી.

ચઉદમા કંગુરાપરની નસીહતો.

હરકોઇના ભરોસા ઉપર રહીએ નહી અને કોઇના સખુનને સાંભલીને હરઘડી દીલમાં રાખીએ. કોઇબી વખતે જુઠું બોલીએ નહી. પેલી જેહાનને આ જેહાન વાસતે વેચીએ નહી. ગરીબોના માલ ઉપર નજર રાખીએ નહી. જેવું પોતાનું ચાહીએ તેવું ખોદાની ખલકને ચાહીએ. જવાનીનુ કામ હાથથી જવા દેઇએ નહી. બુઢાપાનુ કામ જવાનીમાં કરી લેઇએ.

પંદરમા કંગુરાપરની નસીહતો.

શીઆલાનુ કામ હુનાલાપર રાખીએ નહી. આજનુ કામ કાલપર રાખીએ નહી.

નહી થયલા કામને થયા બરાબર ગણીએ નહી. ઓરત જુવાનીમાં સેતાબ કરીએ. પીરી તથા બુઢાપામાં જુવાન ઓરત કરીએ નહી. જો પીરીમાં જુવાન ઓરત કરે તો તે ઓરત વફાદારીથી રહે નહી. જે કામ કરીએ તે હોશ તથા તદબીરે કરીએ. હરેક કોઇને કામ સોંપીએ તે તેને લાયકનું હોય તે સોંપીએ.

સોલમા કંગુરાપરની નસીહતો.

બખીલોથી નાહસતા રહીએ. જવાંમરદીનો પેશો કરતા રહીએ. બુઝરોગો તથા મોટાઓની સોહબત રાખતા રહીએ. મુરાદ ચાહીએ તે બુઝરોગો પાસેથી ચાહીએ. મોટા હોય અને કમીના હીકમતના હોય તેઓથી કાંઇ મુરાદ ચાહીએ નહી. હરેક સાથે સોહબત રાખીએ.

સતરમા કંગુરાપરની નસીહતો.

જેની સાથે દોસ્તી કીધી હોય તે થોડીક જફા પાડે તોબી તેની દોસ્તી મુકીએ નહી. ખોદાતાલા દોલત આપે તો નાદારીમાં જે દોસ્ત હોય તેને યાદ કરીને દોસ્તી કાયમ રાખીએ અને તેની ખબર લેઇએ. દાનાવ દુશ્મનથી બીહીએ નહી અને નાદાન દોસ્તને દુશમન કરી ગણીએ. હરેક કામમાં કાહેલી કરીએ નહી. સખુન અંદેશો કરીને બોલીએ. નહી કહેલો સખુન કહયા બરાબર ગણીએ.

અઢારમા કંગુરાપરની નસીહતો.

હરદમ ખોદાથી ડરતા રહીએ. ખોદાતાલા દોલત જેમ ઘણી વધારે તેમ શુકરાના ઘણા કરતા રહીએ. ફરાખીના દહાડામાં ગરીબોને તથા નાદારીઓને ઇઆદ

કરતા રહીએ. તંગીના દહાડામાં ફરાખીને વીસરી જઇએ.

ઓગણીસમા કંગુરાપરની નસીહતો.

બની આદમમાં પોતાને સરવેથી કમતરીન કરી ગણીએ. પોતાનો બોજો કોઇ ઉપર મુકીએ નહી. ના મેહેરબાન દોસ્તોથી નાહસતા રહીએ. જે કોઇથી ખલકને આજાર પોહોંચે તેને જીવતો તથા મુવો બરાબર ગણીએ.

વીસમા કંગુરાપરની નસીહતો.

જેની ખસલત બદ હોય તેનેથી પરહેઝ કરતા રહીએ. અંજુમનમાં તથા મીજલસમાં બેઠા હોઇએ ત્યારે જુબાન બંધ કરીને બેશીએ. ખુઆરોના દરમેઆનમાં ખુઆર ચીજ લાલચને જાણીએ. કોઇના

ઘેરમાં જઇએ તે વેળા આંખ, હાથ તથા જુબાનને નેગાહમાં રાખીએ, પછી ઘેરમાં પેસીએ. હમેશાં ખોદાતાલાની બંદગીમાં મશગુલ રહીએ. જ્યારે બંદગીમાં બેશીએ ત્યારે મન, ચીત અને દીલ એક ઠેકાણે રાખીએ. જ્યાંસુધી જીવીએ ત્યાંસુધી ખોદાતાલાનુ નામ તથા મોતને ઇઆદ કરતા રહીએ. એક દનબી વીસરી-

નહી, હરદમ ઇઆદ કરીએ. કોઇએ આપણી સાથે બદી કીધી હોય તે વીસરી જઇએ તથા કોઇની સાથે આપણે આસાન કરીએ તેબી વીસરી જઇએ. બનીઆદમ સાથે નમતા તથા મલતા અને હરેક કોઇનું નેક ચાહતા રહીએ.

સામાન્ય જ્ઞાનનાં
ઉપયોગી પુસ્તકો અને ચોપાન્યાં.

	રૂ. આ.
ક્રોમોપથી એટલે રંગથી રોગ મટાડવાની વિદ્યા	૦–૩
વાયુચક્રશાસ્ત્ર અથવા હવા વિશેની વિદ્યા	૪–૦
મેસમેરીઝમ	૦–૬
આપઘાતમાં સમાયલા જોખમો..	૦–૨
દુઃખનો તરત વેળાનો ઉપાય અથવા ઘેરનો છાલોપાલો ...	૧–૦
ઇઝી લેતર રાઇતર; ઇંગ્રેજીમાં કાગળ લખતાં શીખવાની સેહલી ચોપડી...	૦–૧૦
સામાન્ય જ્ઞાન દીપક	૦–૧૨
મન સુધારક સુચના	૦–૪
કેળવણી પ્રકાર	૦–૫
વીજળી વિશે વાતચીત	૦–૧

દો. અરદેશરની કુંપની,
નં૦ ૫૬, ધોબીતલાવ, મુંબઇ.